જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૬/૧૨/૨૦૨૦ બુધવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

**સમાચાર યાદી નં.૨૧૬૮/૨૦૨૦**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૫/૧૨/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૯૮૫ | 3 | ૧૦૯૮૮ | ૧૭૧૨૫ | 3 | ૧૭૧૨૮ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૬૫૮ | ૨ | ૪૬૬૦ | ૬૧૭૯ | ૨ | ૬૧૮૧ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૬૨ | ૦ | ૬૨ | ૨૪૭ | ૫ | ૨૫૨ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૨૦૪૯૩ | ૩૮૫ | ૨૦૮૭૮ | ૨૧૫૮૦ | ૪૮૯ | ૨૨૦૬૯ |
| | કુલ | ૩૬૧૯૮ | ૩૯૦ | ૩૬૫૮૮ | ૪૫૧૩૧ | ૪૯૯ | ૪૫૬૩૦ |

| પત્રક-૨ | | | |
| --- | --- | --- | --- |
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૬૪ | ૧૫,૩૬,૬૦૦/- |

| પત્રક-3 | | | |
| --- | --- | --- | --- |
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૩૮૬૭ | ૩૮,૬૭,000/- |

# લુંટના ગુનાના આરોપીની અટકાયતની વિગત

**ક્રાઈમ બ્રાન્ચ**

## એક આરોપીને મોબાઇલ ફોન નંગ-૧ કિમત રૂ. ૧૨૦૦૦/- ની મત્તાના સાથે પકડી ઓટો રીક્ષા/મોબાઈલ ફોન લુંટ ગુન્હાનો ભેદ ઉકેલતી અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ

અમદાવાદ શહેર વિસ્તારમાં બનતા મોબાઇલ સ્નેચીંગ/ચોરીના ગુન્હાઓનો ભેદ ઉકેલવા સારૂ ઉપરી અધિકારીશ્રીઓ તરફથી સુચના આપવામાં આવેલ હોય જે સુચના આધારે પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી આર.એસ.સુવેરા નાઓના સ્કોડના પો.સ.ઇ. શ્રી એસ.જે.વાઘેલા તથા પો.સ.ઈ. શ્રી વાય.જી.ગુર્જર નાઓ સ્કોડના માણસો સાથે આવા ગુન્હાઓ શોધવા માટે પ્રયત્નશીલ હતા.

દરમ્યાન તા.૧૪/૧૨/૨૦૨૦ ના રોજ સ્ટાફના હે.કો નારસિંહ મલુસિંહ તથા હે.કો નરેન્દ્રસિંહ શીવાઅધારસિંહ નાઓને મળેલ ચોક્કસ બાતમી હકીકત આધારે મેમ્કો હીરાવાડી ચાર રસ્તા પાસેથી આરોપી આઝાદખાન સ/ઓ મોહરસિંગ જુમ્મનસિંગ વણજારા ઉ.વ.૧૯ રહે: જુની ફોજદારની ચાલી રાયપુર ભજીયા હાઉસની બાજુમાં મેમ્કો ચાર રસ્તાની પાસે શહેરકોટડા અમદાવાદ શહેર મુળવતન: આમેરી ગાંવ થાના. સિકોહાબાદ જી.ફિરોજાબાદ ઉત્તરપ્રદેશ નાઓને (૧) એક વાદળી કલરના Redmi Note-8 PRO કંપની મોબાઈલ ફોન કિં.રૂ.૧૨૦૦૦/- ની મત્તાનો મુદ્દામાલ સીઆરપીસી કલમ ૧૦૨ મુજબ કબજે લઇ આરોપીને તા.૧૪/૧૨/૨૦૨૦ ના કલાક ૧૭/૦૦ વાગે સીઆરપીસી કલમ ૪૧(૧)ડી મુજબ અટક કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ. આ કામે કબજે લીધેલ મુદ્દામાલ બાબતે ઓઢવ પો.સ્ટે. નો ગુન્હો શોધાયેલ છે.

**શોધાયેલ ગુન્હો**

(૧) ઓઢવ પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૭૨૧૦૧૦૨૫/૨૦૨૦ ઈ.પી.કો. કલમ ૩૯૨,૧૧૪ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબ.

ઉપરોકત પકડાયેલ આરોપીએ આ સિવાય અન્ય આવા પ્રકારના ગુનાઓ આચરેલ છે કે કેમ ? તે બાબતે તેની પુછપરછ ચાલુ છે.



# પાસા અટકાયતની વિગત

## શાહપુર પોલીસ સ્ટેશન

## જુગારના ગુનામા પકડાયેલ આરોપીની પાસામા અટકાયત કરી લાજપોર-સુરત જેલમા મોકલી આપતી શાહપુર પોલીસ

મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા મે.સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશનરશ્રી ઝોન-૨ સાહેબ તથા મે.મદદનીશ પોલીસ કમિશનરશ્રી “સી” ડીવીઝન સાહેબનાઓ તરફથી વધુમા વધુ પાસાના અટકાયતી પગલા લેવાની સુચના મળતી હોય જે સુચના આધારે સેકન્ડ પોલીસ ઇન્સપેકટરશ્રી આર.જે.ચુડાસમા સાહેબ શાહપુર પોલીસ સ્ટેશન નાઓએ અગાઉ જુગારના ગુનામા પકડાયેલ આરોપી ધીરજ ઉર્ફે ભોલો સ/ઓ રમણલાલ જાતે.-ઠાકોર (સોલંકી) ઉ.વ.-૩૫ રહે.-ઘ.નં.-૦૫, અલંકાર સોસાયટી, અવનિકા પાર્ક સોસાયટીની અંદર, ગણેશ કિરાણા સ્ટોર્સની બાજુમાં શાહપુર અમદાવાદ શહેર નાનુ પાસાનુ પ્રપોઝલ તૈયાર કરી પાસાનો હુકમ કરાવી સર્વેલન્સ સ્કોડના પોલીસ સબ ઇન્સ.શ્રી એસ.આર.બલાત તથા સર્વેલન્સ સ્કોડના માણસો તથા પી.આઇ. પર્સનલના માણસોએ આરોપીને શોધી કાઢી પકડી પાડી તેને હુકમ ક્રમાંક-PCB/DTN/પાસા/૧૩૧૭/૨૦૨૦ તા.૧૫/૧૨/૨૦૨૦ આધારે સિનિયર પો.ઇન્સશ્રી આર.એસ.ઠાકર સાહેબ નાઓએ પાસા હુકમની બજવણી કરી લાજપોર-સુરત જેલ ખાતે મોકલી આપવામા આવેલ છે. તા-૧૫/૧૨/૨૦૨૦



## શાહીબાગ પોલીસ સ્ટેશન

## શરીર સંબંધી/ મિલકત સંબંધી પાસા અટકાયતની ધરપકડ કરતી શાહીબાગ પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી,સેક્ટર-૨,અ'વાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી,ઝોન-૪, અ'વાદ શહેર સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,' એફ 'ડીવીઝન, અમદાવાદ શહેરનાઓના માર્ગદર્શન હેઠળ પો.સ્ટે.વિસ્તારમાં મિલકત સબંધી બનાવો અટકાવવા તથા આવા બનાવોમા પકડાયેલ આરોપીઓ વિરુધ્ધ અટકાયતી પગલા લેવા મળેલ સુચના આધારે પો.ઇન્સ શ્રી કે.ડી.જાડેજા સા. નાઓએ પો.સ્ટે.વિસ્તારમાં મિકલત સંબંધી ગુનાઓ કરતો ઈસમ રાજેશ ઉર્ફે ટકલો સ ઓ/ઈશ્વરભાઈ કાંતીભાઈ પટણી -રહે ૧૯-વ.ઉ (કંટારીયાવાળા)૧૫૫પાટણનગર કમલેશ નગરની બાજુમાં , પાટણ-.જી.મોટીસા તા-ખોડીયારનગર કૃષ્ણનગર ઠક્કરનગર અમદાવાદ શહેર મુળ વતન ગામના વિરુદ્ધ (૧) મેઘાણીનગર પો.સ્ટે. ગુનં.ર.-૧૧૧૯૧૦૩૩૨૦૦૨૮૩ધી ૨૦૨૦/.ઇકો.પી.. કલમ.૩૮૪, ૩૨૪,૩૨૩,૫૦૬(૨),૧૧૪ તથા જી.પી. એક્ટ. કલમ(૧)૧૩૫. મુજબ (૨) શાહીબાગ પો.સ્ટે. ગુનં.ર.-૧૧૧૯૧૦૩૧૨૦૦૩૨૦.ધી ઇ ૨૦૨૦/પીકો.. કલમ૩૯.૨, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી. એક્ટ. કલમ (૧)૧૩૫.મુજબ મુજબના ગુનાઓ નોધાયેલ હોય અને સદરી આરોપી વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રી ની કચેરી ખાતે મોકલી આપતા પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓએ ઉપરોકત આરોપીને પાસા અટકાયતમાં લેવા કરેલ હુકમ ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૧૩૧૩/૨૦૨૦ તા.૧૫/૧૨/૨૦ ના આધારે સદરી આરોપીની પાસા અટકાયતના હુકમની તા.૧૫/૧૨/૨૦૨૦ ના કલાક:૨૧/૦૦ વાગે બજવણી કરી સદરી આરોપીને નામદાર કોર્ટના હુકમ આધારે કોરોના ટેસ્ટ કરાવી જરૂરી જાપ્તા સાથે અધિક્ષક શ્રી ખાસ જેલ પાલારા ભુજ ખાતે મોકલી આપેલ.

### આરોપીનુ નામ:-

રાજેશ ઉર્ફે ટકલો સ/ઓ ઈશ્વરભાઈ કાંતીભાઈ પટણી ( કંટારીયાવાળા) ઉ.વ-૧૯ રહે-૧૫૫,પાટણનગર કમલેશ નગરની બાજુમાં ખોડીયારનગર કૃષ્ણનગર ઠક્કરનગર અમદાવાદ શહેર મુળ વતન ગામ-મોટીસા તા.જી.-પાટણ

### કામગીરી કરનાર અધિકારી/કર્મચારી:-

(૧) પો.સ.ઈન્સ એસ. એ. દેસાઈ તથા સર્વલન્સ ટીમના માણસો

(૨) મ.સ.ઇ વિરેન્દ્રસિંહ મકુભા

(૩) અ.લો.ર.નિલમબેન નાથાભાઈ બ.નં.૭૨૪

(૩) અ.હે.કો રવીન્દ્ર ગંગારામ

(૪) અ,પો,કો,કુલદિપસિંહ ઘનશ્યામસિંહ

(૪) અ.લો.ર.પરેશકુમાર અણદાભાઇ

## વટવા પોલીસ સ્ટેશન

## શરીરસબંધી આરોપીની પાસા અટકાયતીની ધરપકડ કરતી વટવા પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ શ્રી ગૌતમ પરમાર સાહેબ નાઓની સુચના આધારે તેમજ નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૬ શ્રી એ.એમ.મુનિયા સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર 'જે' ડીવીઝન શ્રી રાજપાલસિંહ રાણા સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ વટવા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેક્ટર એચ.વી.સીસારા નાઓની સુચના આધારે વટવા પો.સ્ટે. તેમજ એલીસબ્રીજ પો.સ્ટે. દાખલ થયેલ શરીરસબંધી ગુનાઓ પૈકી (૧) એલીસબ્રીજ પો.સ્ટે. ફર્સ્ટ ગુરનં. ૨૩/૨૦૧૯ ઈપીકો કલમ- ૩૯૨, ૧૧૪ મુજબ તથા (૨) વટવા પો.સ્ટે. પાર્ટ-એ-ગુરનં.૧૧૧૯૧૦૩૮૨૦૦૧૧૪/૨૦૨૦ પ્રોહી એક્ટ કલમ- ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૧), ૧૧૪ મુજબના ગુનાનો આરોપી લિયાકતહુસૈન જહીરહુસૈન જાતે-મોમીન ઉવ.૨૬ રહે- મ.નં.૫૨, ગુલમહોર સોસાયટી, સૈયદવાડી, વટવા અમદાવાદ શહેર નાઓ વિરુદ્ધ પાસા દરખાસ્ત ભરી મોકલી આપતા મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓએ કચેરીના પાસા અટકાયતી હુકમ ક્રમાંક - પીસીબી/ડીટીએન/પાસા/૧૩૧૫/૨૦૨૦ તા.૧૫/૧૨/૨૦૨૦ ના રોજ ખાસ જેલ પાલારા - ભુજ ખાતેનો પાસા હુકમ કરેલ હોય સદરી આરોપીને વટવા પો.સ્ટે. ના સર્વેલન્સ સ્કોડના સ્ટાફના માણસો પકડી લાવતા સદરી આરોપીનો સૌપ્રથમ કોવીડ-૧૯ નો રિપોર્ટ કરવા સારુ સીવીલ હોસ્પિટલ મોકલી આપેલ અને રિપોર્ટ આવેલ નહી ત્યાં સુધી આરોપીને પો.સ્ટે. ખાતે ક્વોરન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ સદરી આરોપીનો કોવીડ-૧૯ નો રિપોર્ટ નેગેટીવ આવતા તા.૧૫/૧૨/૨૦૨૦ ના રોજ પાસા હુકમની બજવણી કરી આરોપીને જરૂરી જાપ્તા સાથે ખાસ જેલ પાલારા - ભુજ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.



## ઓઢવ પોલીસ સ્ટેશન

## પાસા અટકાયતીને પકડી પાડતી ઓઢવ પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર સાહેબશ્રી નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ શ્રી તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ સાહેબ શ્રી તથા મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી "આઈ" ડીવીજન સાહેબશ્રી નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ "જાહેર સલામતી અને વ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અનુસંધાને અમો પોલીસ ઈન્સ્પેક્ટર આર. જી. જાડેજા નાઓએ "જાહેરવ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો કરતા હોય નીચે જણાવેલ ઇસમ વિરૂદ્ધમાં પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર નાઓની સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે સદરી ઇસમ નાની વિરૂધ્ધ નીચે મુજબનો હુકમ કરતા મજકુર પાસા અટકાયતીને નીચે જણાવેલ અધિકારી/કર્મચારીએ નીચે જણાવેલ રીતેના પોલીસ સ્ટાફના માણસો પકડી લઇ આવતા આજ રોજ ઉપરોક્ત પાસા હુકમની બજવણી કરી પાસા અટકાયતીને રાજકોટ જેલ ખાતે જરૂરી જાપ્તા સાથે મોકલી આપવામાં આવેલ છે.

## પાસા અટકાયતી :-

નરેશભાઇ ઉર્ફે નરીયો સન/ઓફ રામપ્રકાશ જાતે કુશવાહ ઉ વ ૩૫ રહેવાસી રાવનો વંડો અમરાઇવાડી પોસ્ટ ઓફીસની બાજુમાં અમરાઇવાડી અમદાવાદ શહેર

## પાસામાં ધ્યાને લીધેલ ગુનાની વિગત :-

ઓઢવ પો સ્ટે સી/૧૧૧૯103૭૨00૯૭૮/૨૦૨૦ પ્રોહી કલમ ૬૬(બી), ૬૫(ઈ),૮૧,૯૮(૨) મુજબ

## પાસા હુકમ તથા બજવણી

પાસા હુકમ નં- PCB/DTN/PASA/1320/2020 તા. 15/12/2020 તથા બજવણી તા :- ૧૫/૧૨/૨૦૨૦ ના કલાક ૨૧/30 વાગે :- રાજકોટ જેલ

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી :-

પો.સ.ઈ.શ્રી ડી.બી.પલાસ તથા અનાર્મ હે.કો. સંજયકુમાર કડવાજી બ.નં.૫૨૦૭ તથા અ.હે.કો. મહેશભાઇ લાભુભાઇ બ.નં.૪૩૧૨ તથા અ.પો.કો.અશોકભાઇ મોહનભાઇ બ.નં.૬૨૮૫

# ઘાટલોડીયા પોલીસ સ્ટેશન

## પાસા અટકાયતીને પકડી પાડતી ઘાટલોડીયા પોલીસ

મે.પોલીસ કમી.શ્રી. સંજય શ્રીવાસ્તવ સાહેબ અમદાવાદ શહેર નાઓના હુકમથી તથા શ્રી આર.બી અસારી સાહેબ સયંકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ તથા શ્રી ડો.રવિન્દ્ર પટેલ સાહેબ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૧ નાઓની સુચનાથી તથા શ્રી એમ.એ.પટેલ મદદનીશ પોલીસ કમી.શ્રી "ક" વિભાગ સાહેબના માર્ગદર્શન હેઠળ તડીપાર/પાસા અટકાયતી હુકમની બજવણી ટાળવા સારૂ નાસતા ફરતા ઇસમોને સત્વરે પકડી બજવણી કરવા સુચના મળેલ જે આધારે પાસા હુકમ ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૧૩૧૪/૨૦૨૦ તા.૧૫/૧૨/૨૦૨૦ આધારે કિશોર જગદિશભાઈ મકવાણા ઉવ-૨૦ ધંધો-મજુરી રહેવાસી. અંબિકાનગર રેલ્વે સ્ટેશન સામે નોબલનગર અમદાવાદ શહેર નાને અમદાવાદ શહેરમાં કરેલ મિલ્કત સંબંધી ગુનાઓ સબંધે આજરોજ તા.૧૫/૧૨/૨૦૨૦ ના કલાક ૨૧/૨૦ વાગે પાસા હુકમની બજવણી કરી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે પાસા અટકાયતમાં રહેવા સારૂ મોકલી આપવા તજવીજ કરેલ છે.

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૧૬૯/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૭ કેસ કરી, ૨૯ વ્યક્તિઓને ઝડપી, ૬૧ લીટર દેશી દારૂ, ૮૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૧૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૮ બિયર ટીન અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૮૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૧૭૦/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૯૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૧ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## બળજબરીથી કઢાવી લેવા બાબતઃ- સમાચાર યાદી નં.૨૧૭૧/૨૦૨૦

**નારોલઃ** કૌસ્તુભ કિરણ દાતાર (ઉ.વ.૨૩) (રહે. સી-૧૦૧ સાણંદ ગ્રીન્સ રેસીડેન્સી-૨ સાણંદ કડી રોડ સાણંદ જી-અમદાવાદ) એ તા.૧૫/૧૨/૨૦૨૦ નારોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે કૌસ્તુભ દાતાર તા.૧૨/૧૨/૨૦૨૦ કલાક ૧૨/૧૦ વાગ્યાના સુમારે નારોલ ચાર રસ્તાથી શટલ ઓટોરિક્ષામાં બેસી પસાર થઈ રહ્યા હતા ત્યારે નારોલ ચાર રસ્તાથી સરખેજ હાઈવે વચ્ચે રીક્ષામાં બેસેલ અજાણ્યા ચાર પુરૂષોએ કૌસ્તુભ દાતારને ધાક-ધમકી આપી પાકીટમાંથી રોકડ રૂપિયા ૧૦૦૦/- કાઢી લીધા હતા અને બળજબરીથી કૌસ્તુભ દાતારના મોબાઇલમાં યુ મોબાઈલ એપ્લિકેશન ખોલાવી એપ્લીકેશન એકાઉન્ટ ડીટેઈલ્સ રજીટ્રેશન કરાવી બેન્ક એકાઉન્ટમાંથી રૂપિયા ૨૫,૦૦૦/- ટ્રાન્જેક્શન કરાવી સીમાકાર્ડ કાઢી લઈ કૌસ્તુભ દાતારને રીક્ષામાંથી ઉતારી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.એસ.ચૌધરી ચલાવે છે.

## વિજ કરંટ લાગતા મૃત્યુઃ- સમાચાર યાદી નં.૨૧૭૨/૨૦૨૦

**નિકોલઃ** વિશાલ ઉર્ફે સંજય સ/ઓ દિનેશભાઈ ચૌહાણ (ઉ.વ.૨૦) (રહે. ઇન્દીરા વસાહતના મકાનો હુડકો સિંગરવા રોડ નિકોલ) ને તા.૧૫/૧૨/૨૦૨૦ સવારના ૯/૦૦ વાગ્યાના સુમારે કઠવાડા જીઆઇડીસી રોડ નં-૫૬૧ મા આવેલ વરુણ એનજીયરીંગ ખાતે વિજ કરંટ લાગતા સારવાર માટે તેમને ખોડિયાર હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જ્યાં સારવાર દરમ્યાન કલાક ૧૦/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મેહુલકુમાર અમૃતલાલ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૧૭૩/૨૦૨૦**

**રિવરફ્રંટ વેસ્ટઃ** અમૃતલાલ ઇશ્વરભાઇ પટેલ (ઉ.વ.૬૮) અને ચન્દ્રીકાબહેન અમૃતલાલ પટેલ (ઉ.વ.૬૪) (બન્ને રહે. ટી/૭ ઉમિયા કૃપા સોસાયટી નવનિર્માણ સ્કુલ પાસે રાણીપ) એ અગમ્ય કારણસર તા.૧૫/૧૨/૨૦૨૦ સવારના ૧૦/૨૦ વાગ્યા પહેલા રીવરફ્રન્ટ વોક-વે ઘાટ નંબર-૧૬ નજીક નદીમાં પડતુ મુકી ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.બી.ભાદરકા ચલાવે છે.

**વાસણાઃ** મદનભાઇ ગુલાબજી બોરાણા (ઉ.વ.૩૭) (રહે. ખોડીયારનગર અયપ્પા મંદીર પાસે વાસણા ગામ) એ અગમ્ય કારણસર તા.૧૫/૧૨/૨૦૨૦ બપોરના ૩/૪૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતના ભાગે લોખંડની હુકમાં દોરડું બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી સલમાનખાન રઝાકખાન ચલાવે છે.

**કૃષ્ણનગરઃ** પદમાબહેન વિજયભાઇ પટેલ (ઉ.વ.૪૨) (રહે. સોલીટેર હિલ્સ અવની હોમની બાજુમાં નવા નરોડા) એ અગમ્ય કારણસર તા.૧૫/૧૨/૨૦૨૦ કલાક ૬/00 વાગ્યાના સુમારે પોતાના રહેણાંકના ધાબા ઉપરથી પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.ડી.પટેલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી